આદર્શ નિવાસી શાળા (કુમાર), મું.સંતરામપુર, જિ.પંચમહાલ (હાલ મહીસાગર) ખાતે ધોરણ ૧૦ના વધારાના બીજો વર્ગ વિકાસની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૧૩/ન.બા.-૩૨/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૭/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.30/૧૧/૨૦૧૩નો પત્ર નં:- ટીડી/અનશ/ફા.ન.૧૨૭૨/૨૦૧૩-૧૪/ ૩૩૨૫-૩૩૨૬.

ઠરાવ:-

રાજ્ય સરકારની હાલની શિક્ષણ નીતિને ધ્યાને લઈને આદિજાતિ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ખુબ જ વધી ગયેલ છે. જેના લીધે આ વિસ્તારમાં આવેલ આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો વધારો થયેલ છે. આ ધ્યાને લેતા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પત્રથી વર્ષ ૨૦૧૪-૧૫માં આદર્શ નિવાસી શાળા (કુમાર), મું.સંતરામપુર, જિ.પંચમહાલ (હાલ મહીસાગર) ખાતે ચાલતા ધોરણ-૧૦ના એક વર્ગમાં એક વર્ગનો વધારો કરીને બીજો વર્ગ શરૂ કરવા માટેની રૂ.૩.૭૦ લાખની નવી બાબતનો અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આદર્શ નિવાસી શાળા (કુમાર), મું.સંતરામપુર, જિ.પંચમહાલ (હાલ મહીસાગર) ખાતે ચાલતા ધોરણ-૧૦ના એક વર્ગમાં એક વર્ગનો વધારો કરીને બીજો વર્ગ શરૂ કરવા માટેની રૂ.૩.૭૦ લાખની નવી બાબતનો નીચેની શરતોને આધીન સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આરટીઇ એક્ટ હેઠળ ધોરણ-૮નો વર્ગ પ્રાથમિક વિભાગમાં લઈ જતા આદર્શ નિવાસી શાળા, મુ.સંતરામપુરમાં ઉપલબ્ધ મહેકમનો ઉપયોગ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ. માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૬ (આયોજન), મુખ્ય સદરઃ ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬, આદિવાસી વિસ્તાર પેટા યોજના, પેટા સદર – ૪૮ બીસીકે – ૧૭૭ આદર્શ નિવાસી શાળાઓ હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૧૬/૦૫/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.